૧૨

રેવ-ટેન-વીડી-૨૯-૦૪

કલેકટર કચેરી,
રાજકોટ.
તા. ૧૬-૪-૨૦૦૫

વિષય:- <u>જમીન : ઘંટેશ્વર, તા. રાજકોટ.</u>
સ.નં. ૨૮ પૈકી ખેડવાણ વીડીની જમીન એ. ૩૫-૩૯ ગુંઠા
રહેણાંક હેતુ માટે બીનખેતી કરવા માટે પૂર્વમંજુરી આપવા અંગે.
શ્રી દાનુભા ગુમાનસિંહ જાડેજા વિગેરે, ઘંટેશ્વર - રાજકોટ.

વંચાણ-૧) આસી. કલેકટરશ્રી, રાજકોટના પત્ર નં. પ્રાંક/જમીન-૧-રા.તા.-વશી-૧૭૦-૫
તા.૧૯/૨/૦૫

હુકમ :

રાજકોટ તાલુકાના ઘંટેશ્વર ગામના સ.નં. ૨૮ પૈકી જમીન એ. ૩૫-૩૯ ગુંઠા રહેણાંક હેતુ માટે બીનખેતી કરવા પૂર્વમંજુરી મળવા શ્રી દાનુભા ગુમાનસિંહ જાડેજા વિગેરએ તા.૧૬/૧૨/૦૪ ની અરજીથી માંગણી કરતા પ્રાંત અધિકારીશ્રી તરફથી વંચાણ-૧ ના પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે.

રાજકોટ તાલુકાના ઘંટેશ્વર ગામના સ.નં.૨૮ પૈકી જમીન એ.૩૫-૩૯ ગુંઠા અત્રેના હુકમ નં. રેવ-ટેન-વડખ-૨૯-૨૦૦૪ તા.૧૯/૮/૦૪ થી ગોપાલસિંહ ટેમુભા વિગેરેને ખેડવાણ કરવા મંજુરી આપેલ છે. બાદમાં પ્રાંત અધિકારીશ્રી, રાજકોટ તરફથી તા. ૯/૧૧/૦૪ ના હુકમથી વેચાણની મંજુરી આપેલ છે. અત્રેના તા.૧૦/૮/૦૪ ના હુકમની શરત નં. ૪ અન્વયે આ જમીન રહેણાંક હેતુ માટે બીનખેતી કરવા માટે પૂર્વમંજુરી આપવા વંચાણ-૧ ના પત્રથી પ્રાંત અધિકારીશ્રી, રાજકોટે ભલામણ કરેલ છે.

સબબ રાજકોટ તાલુકાના ઘંટેશ્વર ગામના સ.નં.૨૮ પૈકી જમીન એ.૩૫-૩૯ ગુંઠા રહેણાંક હેતુ માટે બીનખેતી કરવા માટે શ્રી દાનુભા ગુમાનસિંહ જાડેજા વિગેરેને નીચેની શરતોએ પૂર્વ મંજુરી આપવામાં આવે છે.

<u>શરતો :</u>

૧) ખેડવાણ વીડીની જમીન અંગેના રેવન્યુ રેકર્ડથી ઉતરોતર ટાઈટલો તપાસી બીનખેતી કરવા લે.રે.કો.ક.૬૫ અન્વયે સક્ષમ અધિકારીએ નિર્ણય લેવાનો રહેશે. તથા સંબંધીતોના એન.ઓ.સી. મેળવવાના રહેશે.

૨) વીડીની જમીનમાં ખેતી બીનખેતીના જુના ગાડા માર્ગ કે અન્ય રસ્તાઓ આજુબાજુમાં આવતી સરકારી જમીનના હકક હદ્દને કોઈપણ જાતનુ નુકશાન ન થાય તે રીતે કો-ઓર્ડીનેટ કરી એપ્રોચ રસ્તા બંધ બંધ ન થાય તે રીતે લે-આઉટ પ્લાનને બીનખેતીની મંજુરી અર્થે રજુ કરવાનો રહેશે.

૩) આ હુકમથી અપાયેલ મંજુરીવાળી જમીન અંગે ટોચ મર્યાદા ધારા હેઠળ ફાજલ થતી નથી તેની રેકર્ડથી ખાત્રી કરી લેવાની રહેશે.

૪) આ જમીન રૂડા વિસ્તારમાં આવતી હોય તો ટી.પી. ના જે કોઈ રસ્તાઓ પસાર થાય તો તે પ્રમાણે અમલ કરવાનો રહેશે.

સહી/—(મોના ખંધાર)
કલેકટર,
રાજકોટ જિલ્લો.

પ્રતિ,
શ્રી દાનુંભા ગુમાનસિંહ જાડેજા વિગેરે,
ઘંટેશ્વર, તા. રાજકોટ.

<u>નકલ રવાના :</u>

૧) જિલ્લા વિકાસ અધિકારશ્રી, રાજકોટ.
૨) આસિસ્ટન્ટ કલેકટરશ્રી, રાજકોટ.
૩) મામલતદારશ્રી, રાજકોટ તાલુકા.
૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી, રાજકોટ.
૫) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, રૂડા, રાજકોટ.
૬) તલાટી કમ મંત્રીશ્રી, ઘંટેશ્વર, તા. રાજકોટ
૭) સીલેકટ ફાઈલે.

રવાના કર્યુ
ચીટનીશ ટુ કલેકટર
રાજકોટ